ક્રમાંકઃ જીસીવીટી/ટી.૬/૨૦૦૮/ ૯૭૩૭
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,
બ્લોક નં. ૮,ત્રીજો માળ,
ડો.જીવરાજ મહેતાભવન,
ગાંધીનગર
તા. ૨૬ – ૯ –૨૦૦૮

વંચાણે લીધા : (૧) આ કચેરીનો તા. ૯/૧૦/૨૦૦૬નો પરીપત્ર ક્રમાંકઃ જીસીવીટી/ટી.૭/૨૦૦૬/૨૫૫/૮૦૮૭

(૨) આ કચેરીનો તા. ૨૨/૫/૨૦૦૭નો પરીપત્ર ક્રમાંકઃ જીસીવીટી/ટી.૭/૨૦૦૭/૨૫૮/૫૧૪૩

**::પરીપત્ર::**

રાજયની આઈ.ટી.આઈ. / જી.આઈ. એ. / સરકારી ટેકનીકલ હાઈસ્કુલમાંથી પાસ થયેલા,વિદેશ જવા માંગતા તાલીમાર્થીઓની માંગણી અનુસાર નિયમ મુજબ આ કચેરી તરફથી ટ્રાન્સ્ક્રીપ્ટમાં પ્રતિસહી કરી આપવામાં આવતી હતી.

ટ્રાન્સ્ક્રીપ્ટની કામગીરીમાં એકસુત્રતા જળવાય તે હેતુથી આ કચેરી તરફથી સંદર્ભ–(૧) અને (૨) વાળા પરીપત્રમાં જણાવ્યા મુજબ માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ હતી.

આમ છતાં ઘણી સંસ્થાઓ તરફથી ઉપરોકત પરીપત્રને ધ્યાને લીધા સિવાય અને અધુરી વિગતો સાથે અત્રે દરખાસ્ત મોકલી આપવામાં આવતી હતી. જેના લીધે તાલીમાર્થીઓને ટ્રાન્સ્ક્રીપ્ટમાં પ્રતિસહી મેળવવામાં વિલંબ અને મુશ્કેલી અનુભવવી પડતી હતી. વહીવટી સુવિધા તથા તાલીમાર્થીઓના હિતમાં, તાલીમાર્થી તરફથી રજુ કરવામાં આવતી (તમામ યોજના હેઠળના અભ્યાસક્રમોમાં પાસ થયેલા તાલીમાર્થીઓની)ટ્રાન્સ્ક્રીપ્ટ ઉપરોકત વંચાણે લીધેલ પરીપત્રોની માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઈ સંસ્થા ખાતેથી,સંસ્થાના વડાની સહીથી જ એનાયત કરવાની રહેશે. ટ્રાન્સ્ક્રીપ્ટ પ્રતિસહી માટે આ કચેરીને મોકલવાની રહેશે નહી. ટ્રાન્સ્ક્રીપ્ટ ઈસ્યુ રજીસ્ટર ( પાછળ જણાવ્યા મુજબ) સંસ્થા કક્ષાએ નિભાવવાનુ રહેશે. ટ્રાન્સ્ક્રીપ્ટ ઈસ્યુ કર્યાની વિગતોની નિયતપત્રકમાં ત્રિમાસિક માહીતી આ કચેરીને તા. ૧ થી ૫ સુધીમાં (નોડલ સંસ્થાને) બિનચુક મોકલી આપવાની રહેશે.નોડલ સંસ્થાએ તાબાની કચેરીઓની માહીતી નિયત પત્રકમાં કોમ્પ્યુટરાઈઝ કરી આ કચેરીને દર ત્રણ માસ પુરા થયાના પછીના માસની દસમી તારીખ સુધીમાં એટલે કે જાન્યુ.,એપ્રિલ,જુલાઈ,ઓકટો.ની દસમી તારીખ સુધીમાંઆ કચેરીને અચુક મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. શુન્ય હોય તો પણ માહીતી શુન્ય છે તે મુજબનું પત્રક મોકલવાનું રહેશે.

સંદર્ભવાળા બંને પરીપત્રોની માર્ગદર્શક સુચનાઓનો કામગીરી સંભાળતા કર્મચારી ધ્વારા અમલ થાય તે અવશ્ય જોવાનું રહેશે.તેમ જ આચાર્યશ્રી ધ્વારા ખાસ કાળજી રાખવાની રહેશે.

નાયબ નિયંત્રક(પરીક્ષા)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,
ગાંધીનગર

પ્રતિ,
તમામ આઈ.ટી.આઈ. / જી.આઈ.એ./ સરકારી ટેકનીકલ હાઈસ્કુલ સંસ્થાઓના વડા તરફ જાણ તથા અમલ કરવા સારૂ.
<u>નકલ સાદર રવાના :</u> નાયબ નિયામકશ્રી(તાલીમ),પ્રાદેશિક કચેરી, અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત તરફ જાણ તથા તાબાની કચેરી પાસે અમલ કરાવવા સારૂ.

TRANSCRIPT

## સંસ્થા ખાતેથી ટ્રાન્સ્ક્રીપ્ટ ઈસ્યુ કર્યાનું રજીસ્ટર

| ક્રમ | તાલીમાર્થીનું પુરૂ નામ | ટ્રેડ | પાસકર્યાનું વર્ષ/માસ | પ્રવેશ સમયે ટ્રેડ એફી.હતો? હા/ના | એફીલેટેડ યુનિટ સામે જે તે વર્ષ/ટ્રેડમાં પાસ તાલીમાર્થીઓની સંખ્યા ધ્યાને લેતાં તાલીમાર્થીને એનટીસી મળવાપાત્ર હતુ? હા / ના | કોલમ–૫ અને કોલમ–૬ની વિગતો ધ્યાને લઈ તાલીમાર્થીને કયા પ્રકારની ટ્રાન્સ્ક્રીપ્ટ આપેલ છે? (એનસીવીટી કે જીસીવીટી) તે દર્શાવવું. | તાલીમાર્થી પાસેથી વસુલ લેવામાં આવેલ ફી નો જીસીવીટીની રસીદનો નંબર અને તારીખ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | |

જી.સી.વી.ટી.ને મોકલવાની ત્રિમાસીક માહીતીના પત્રકનો નમુનો :

| ક્રમ | માસનું નામ | માસ દરમ્યાન ઈસ્યુ કરેલ એનસીવીટીની ટ્રાસ્કીપ્ટની સંખ્યા | માસ દરમ્યાન ઈસ્યુ કરેલ એસસીવીટી/ જીસીવીટીની ટ્રાન્સ્ક્રીપ્ટની સંખ્યા | માસ દરમ્યાન કુલ ઈસ્યુ થયેલ ટ્રાન્સ્ક્રીપ્ટની સંખ્યા | કોલમ–૫ અન્વયે ટ્રાન્સ્ક્રીપ્ટ પેટે થયેલી આવક (ટ્રાન્સ્ક્રીપ્ટ તથા અન્ય આવક સહિતનો) આ કચેરીને મોકલેલ ડ્રાફ્ટ નંબર/ તારીખ અને રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |